" મીઠાં બાળકો - આપ બ્રાહ્મણ હમણાં ખૂબજ ઊંચી યાત્રા પર જઈ રહ્યાં છો , તેથી તમને ડબલ એન્જિન મળ્યાં છે , બે બેહદ નાં બાપ છે તો બે મા પણ છે"

પ્રશ્ન :- સંગમયુગ પર કયું ટાઈટલ (શિર્ષક) આપ બાળકો પોતાનાં ઉપર નથી રખાવી શકતાં?

ઉત્તર :- હિઝ હોલીનેસ અથવા હર હોલીનેસ નું ટાઈટલ તમે બી.કે. પોતાનાં પર નથી રખાવી શકતાં અથવા લખી શકતાં કારણ કે તમારો આત્મા ભલે પવિત્ર બની રહ્યો છે પરંતુ શરીર તો તમોપ્રધાન તત્વો થી બનેલું છે. આ મોટાઈ હમણાં તમારે નથી લેવાની. તમે હમણાં પુરુષાર્થી છો.

ગીત :- યહ કહાની હે દીયે ઓર તુફાન કી...

ઓમ્ શાંતિ ! બેહદ નાં બાપ બાળકોને સમજાવે છે. આ તો બાળકો સમજી ગયાં છે કે બેહદ નાં બે બાપ છે તો મા પણ જરુર બે હશે. એક જગદંબા, બીજી આ બ્રહ્મા પણ માતા થઈ. બંને સમજાવે છે તો તમને જેમકે ડબલ એન્જિન મળી ગયાં. પહાડો પર જ્યારે ગાડી જાય છે તો ડબલ એન્જિન લગાડે છે ને! હમણાં આપ બ્રાહ્મણ પણ ઊંચી યાત્રા પર જઈ રહ્યાં છો. તમે જાણો છો હમણાં ઘોર અંધારું છે. જ્યારે અંતનો સમય આવે છે, તો બહુજ હાહાકાર થાય છે. દુનિયા બદલાય છે તો એવું થાય છે. જ્યારે રાજાઈ બદલાય છે તો પણ લડાઈ મારામારી થાય છે. બાળકો જાણે છે કે હમણાં નવી રાજધાની સ્થાપન થઈ રહી છે. ઘોર અંધારા થી પછી ઘોર સોજરુ (પ્રકાશ) થઈ રહ્યું છે. તમે આ આખાં ચક્રની હિસ્ટ્રી-જોગ્રોફી ને જાણો છો તો તમારે પછી બીજાઓ ને પણ સમજાવવાનું છે. ઘણી માતાઓ અથવા બાળકીઓ છે જે સ્કૂલમાં ભણાવે છે તે પણ બાળકોને જો બેહદની હિસ્ટ્રી-જોગ્રોફી સમજાવે તો એમાં કોઈ સરકાર નારાજ નહીં થશે. એમનાં મોટાઓને પણ સમજાવવું જોઈએ તો વધારે જ ખુશ થશે. એમને સમજાવવું જોઈએ કે જ્યાં સુધી આ બેહદની હિસ્ટ્રી-જોગ્રાફીને નથી સમજ્યાં ત્યાં સુધી બાળકોનું કલ્યાણ નથી થઈ શકતું. દુનિયામાં જયજયકાર નથી થઈ શકતો. બાળકોને સર્વિસ (સેવા) કરવાનો ઈશારો અપાય છે. શિક્ષક છે તો પોતાની કોલેજમાં જો આ વર્લ્ડ ની હિસ્ટ્રી-જોગ્રોફી બેસી સમજાવે તો બાળકો ત્રિકાળદર્શી બની શકે છે. અને ત્રિકાળદર્શી બનવાથી ચક્રવર્તી પણ બની શકે છે. જેવી રીતે બાપે તમને ત્રિકાળદર્શી, સ્વદર્શન ચક્રધારી બનાવ્યાં છે તો તમારે પછી બીજાઓને આપ સમાન બનાવવાનાં છે, બીજાઓને સમજાવવાનું છે કે હવે આ જૂની દુનિયા બદલાઈ રહી છે. તમોપ્રધાન દુનિયા બદલાઈ સતોપ્રધાન બની રહી છે. સતોપ્રધાન બનાવવા વાળા એક જ પરમપિતા પરમાત્મા છે જે સહજ રાજયોગ અને સ્વદર્શન ચક્ર નું જ્ઞાન આપે છે. ચક્રને સમજાવવું તો ખુબ સહજ છે. જો આ ચક્ર સામે રાખવામાં આવે તો પણ મનુષ્ય આવીને સમજી શકે કે સતયુગમાં કોણ-કોણ રાજ્ય કરતા હતાં. પછી દ્વાપર થી કેવી રીતે અનેક ધર્મોની વૃધ્ધિ થાય છે. એવું સારી રીતે સમજાવાય તો બુદ્ધિનાં કબાટ જરુર ખુલશે. આ ચક્ર સામે રાખી તમે સારી રીતે સમજાવી શકો છો. ટોપીક (વિષય) પણ રાખી શકો છો. આવો તો અમે તમને ત્રિકાળદર્શી બનવાનો રસ્તો બતાવીએ, જેનાંથી તમે રાજાઓનાં રાજા બની શકો છો. આપ બ્રાહ્મણ જ આ ચક્રને જાણો છો ત્યારે તો ચક્રવર્તી રાજા બનો છો. પરંતુ બનશે તે જે આ ચક્રને બુદ્ધિમાં ફેરવતા રહેશે. બાપ તો છે જ જ્ઞાનનાં સાગર, એ બેસી બાળકોને સૃષ્ટિનાં આદિ-મધ્ય-અંત નું જ્ઞાન સંભળાવે છે. બીજા મનુષ્ય તો કાંઈ પણ નથી જાણતાં. ઈશ્વર સર્વવ્યાપી કહેવાથી જ્ઞાનની વાત જ નથી ઉઠતી. ઈશ્વરને જાણવાનો પણ કોઈ પુરુષાર્થ નથી કરી શકતાં પછી તો ભક્તિ પણ ચાલી ન શકે. પરંતુ જે કાંઈ કહે છે તે કાંઈ સમજતાં નથી. કાચ્ચા સમજાવી પણ નહીં શકે કે સર્વવ્યાપી કેવી રીતે નથી. કોઈ એકે કહી દીધું બસ બધાએ માની લીધું. જેમકે કોઈએ આદિદેવ ને મહાવીર કહ્યું તો તે નામ ચલાવી દીધું. જેણે જે નામ બેસમજી થી રાખ્યું તે ચાલતું આવે છે. હવે બાપ બેસી સમજાવે છે કે તમે મનુષ્ય થઈને ડ્રામા નાં રચયિતા અને રચનાને નથી જાણતાં, દેવતાઓની પૂજા કરો છો પરંતુ એમની બાયોગ્રાફી (જીવન કહાની) ને નથી જાણતાં તો આને બ્લાઇન્ડ ફેથ (અંધવિશ્વાસ) કહેવાય છે. આટલાં દેવી-દેવતા રાજ્ય કરીને ગયાં છે તો જરુર તેઓ સમજદાર હતાં ત્યારે તો પૂજ્ય બન્યાં. હમણાં તમે બ્રહ્મા મુખ વંશાવલી આ જ્ઞાન સાંભળીને સમજદાર બનો છો. બાકી તો આખી દુનિયાને રાવણે જેલમાં નાખી દીધાં છે. આ છે રાવણની જેલ જેમાં બધા શોક વાટિકામાં પડ્યાં છે. કોન્ફરન્સ (સભા) કરતા રહે છે કે શાંતિ કેવી રીતે થાય? તો જરુર અશાંતિ, દુઃખ છે,

એટલે બધાં શોક વાટિકામાં બેઠા છે. હમણાં શોક વાટિકા માંથી અશોકવાટિકા માં કોઈ ફટ થી નથી જતાં. આ સમયે કોઈપણ શાંતિ તથા સુખની વાટિકા માં નથી. અશોકવાટિકા કહેવાશે સતયુગ ને, આ તો સંગમયુગ છે તમને કોઈ સંપૂર્ણ પવિત્ર કહી ન શકે. હિઝ હોલીનેસ કોઈ બી.કે. પોતાને કહી નથી શકતાં અથવા લખાવી નથી શકતાં. હિઝ હોલિનેસ અથવા હર હોલીનેસ સતયુગમાં હોય છે. કળિયુગ માં ક્યાંથી આવે! ભલે આત્મા અહીં પવિત્ર બને છે પરંતુ શરીર પણ તો પવિત્ર જોઈએ ત્યારે કહી શકે, તેથી મોટાઈ લેવી ન જોઈએ. હમણાં તમે પુરુષાર્થી છો. બાપ કહે છે શ્રી શ્રી અથવા હિઝ હોલીનેસ સંન્યાસીઓ ને પણ કહી ન શકાય. ભલે આત્મા પવિત્ર બને છે પરંતુ શરીર પવિત્ર ક્યાં છે? તો અધૂરા થયાં ને. આ પતિત દુનિયામાં હિઝ અથવા હર હોલીનેસ કોઈ હોઈ નથી શકતું. તેઓ સમજે છે આત્મા પરમાત્મા સદૈવ શુધ્ધ છે પરંતુ શરીર પણ શુધ્ધ જોઈએ. હા, લક્ષ્મી-નારાયણ ને કહી શકાય છે કારણ કે ત્યાં શરીર પણ સતોપ્રધાન તત્વો થી બને છે. અહીં તત્વ પણ તમોપ્રધાન છે. આ સમયે કોઈને પણ સંપૂર્ણ પાવન નહીં કહીશું. આમ પવિત્ર તો નાનાં બાળકો પણ હોય છે. દેવતાઓ સંપૂર્ણ નિર્વિકારી હતાં.

તો બાપ સમજાવે છે તમે કેટલાં સમજદાર બની રહ્યાં છો. તમને ચક્ર નું પણ પૂરેપૂરું જ્ઞાન છે. પરમપિતા પરમાત્મા જે આ ચૈતન્ય ઝાડ નું બીજ છે, એમને આખાં ઝાડનું જ્ઞાન છે, એ જ તમને જ્ઞાન સંભળાવી રહ્યાં છે. આ સૃષ્ટિ ચક્ર નાં જ્ઞાન પર તમે કોઈને પણ પ્રભાવિત કરી શકો છો. સમજાવવું જોઈએ - તમે પરમધામ થી આવીને અહીં શરીર ધારણ કરી એક્ટ (કર્મ) કરી રહ્યાં છો. હવે અંતમાં બધાએ પાછા જવાનું છે પછી આવીને પોતાનો પાર્ટ ભજવવાનો છે. અહીં હમણાં જે પુરુષાર્થ કરશે એ જ એમ જ રાજા રજવાડા અથવા ધનવાન ની પાસે જન્મ લેશે. બધાં નંબરવાર પદ મેળવે છે. નંબરવાર ટ્રાન્સફર (પરિવર્તન) થતાં જશે. આ પણ દેખાડેલુ છે-જ્યાં જીત ત્યાં જન્મ.... હમણાં આ વાતોને ઉઠાવાતી નથી. આગળ ચાલીને રોશની (સમજ) મળતી જશે, એટલું તો છે હમણાં જે શરીર છોડે છે એમને જરુર સારા ઘરમાં જન્મ મળશે. જે બાળકો વધારે પુરુષાર્થ કરે છે એમને ખુશી પણ વધારે ચઢે છે. જે સર્વિસ માં તત્પર રહે છે એમને નશો રહે છે. તમારા સિવાય તો બધાં અંધકાર માં છે. ગંગા સ્નાન વગેરે કરવાથી તો કોઈનાં પાપ નથી ધોવાઈ શકતાં. યોગ અગ્નિ થી જ પાપ ભસ્મ થાય છે. આ રાવણની જેલથી છોડાવવા વાળા એક બાપ જ છે ત્યારે તો ગાય છે પતિત પાવન.. પરંતુ પોતાને પાપ આત્મા સમજતાં નથી. બાપ કહે છે કલ્પ પહેલાં પણ એમનો આપ કન્યાઓ દ્વારા જ ઉધ્ધાર કરાવ્યો હતો. ગીતામાં પણ લખેલું છે પરંતુ કોઈ સમજતાં નથી. તમે સમજાવી શકો છો-આ પતિત દુનિયા માં કોઈ પણ પાવન નથી. પરંતુ સમજાવવામાં પણ બહુજ હિંમત જોઈએ. તમે જાણો છો હમણાં દુનિયા બદલાઈ રહી છે. તમે હમણાં ઈશ્વરનાં સંતાન બન્યાં છો. આ બ્રાહ્મણ કુળ છે સૌથી ઊંચ. તમને સ્વદર્શન ચક્ર નું જ્ઞાન છે. પછી જ્યારે વિષ્ણુનાં કુળમાં જશો તો તમને આ જ્ઞાન નહીં હોય. હમણાં જ્ઞાન છે તેથી તમારું નામ રાખ્યું છે સ્વદર્શન ચક્રધારી. આ ગુહ્ય વાતોને તમારા વગર કોઈ નથી જાણતું. કહેવા માત્ર તો બધાં કહી દે છે કે ઈશ્વરનાં બધાં સંતાન છે પરંતુ પ્રેક્ટિકલ (હકીકત) માં તમે હમણાં બન્યાં છો. અચ્છા!

બધાં મીઠાં-મીઠાં બાળકોને યાદપ્યાર ગુડ મોર્નિંગ. બાપની ફરજ છે બાળકોને યાદ કરવા અને બાળકોની ફરજ છે બાપને યાદ કરવાં. પરંતુ બાળકો એટલું યાદ નથી કરતા, જો યાદ કરે છે તો અહો સૌભાગ્ય. અચ્છા મીઠાં મીઠાં રુહાની બાળકોને રુહાની બાપનાં નમસ્તે.

રાત્રી ક્લાસ - ૮ - ૪ - ૬૮

આ ઈશ્વરીય મિશન ચાલી રહ્યું છે. જે આપણા દેવી-દેવતા ધર્મનાં હશે તે જ આવશે. જેવી રીતે એમનું મિશન છે ક્રિશ્ચન બનાવવાનું. જે ક્રિશ્ચન બને છે એમને ક્રિશ્ચન ડીનાયસ્ટી (કુળ) માં સુખ મળે છે. વેતન (પેન્શન) સારું મળે છે, તેથી ક્રિશ્ચન ઘણાં થઈ ગયાં છે. ભારતવાસી એટલું વેતન વગેરે નથી આપી શકતાં. અહીં કરપ્શન (ભ્રષ્ટાચાર) ખૂબ છે. વચ્ચે રિશ્વત (લાંચ) ન લે તો નોકરી થી જ જવાબ. બાળકો બાપને પૂછે છે કે આ હાલતમાં શું કરીએ? કહેશે યુક્તિથી કામ કરો પછી શુભ કાર્યમાં લગાવી દેજો.

અહીં બધાં બાપને પોકારે છે કે આવીને અમને પતિતો ને પાવન બનાવો, લિબરેટ (મુક્ત) કરો, ઘરે લઈ જાઓ. બાપ જરુર ઘરે લઈ જશે ને. ઘરે જવા માટે જ આટલી ભક્તિ વગેરે કરે છે. પરંતુ જ્યારે બાપ આવે ત્યારે જ લઈ જાય. ભગવાન છે જ એક. એવું નથી બધામાં ભગવાન આવીને બોલે છે. એમનું આવવાનું જ સંગમ પર થાય

છે. હમણાં તમે એવી-એવી વાતો નહીં માનશો. પહેલાં માનતા હતાં. હવે તમે ભક્તિ નથી કરતાં. તમે કહો છો અમે પહેલાં પૂજા કરતા હતાં. હમણાં બાપ આવ્યાં છે અમને પૂજ્ય દેવતા બનાવવા માટે. સિક્ખો (સિંગ લોકોને) ને પણ તમે સમજાવો. ગાયન છે ને મનુષ્યથી દેવતા.... દેવતાઓની જ મહિમા છે ને. દેવતાઓ રહે જ છે સતયુગ માં. હમણાં છે કળિયુગ. બાપ પણ સંગમ ઉપર પુરષોત્તમ બનવાની શિક્ષા આપે છે. દેવતાઓ છે સૌથી ઉત્તમ, ત્યારે તો આટલાં પૂજે છે. જેમની પૂજા કરે છે તેઓ જરુર ક્યારેક હતાં, હમણાં નથી. સમજે છે આ રાજધાની પાસ્ટ (પહેલાં) થઈ ગઈ છે. હમણાં તમે છો ગુપ્ત. કોઈ જાણે થોડી છે કે આપણે વિશ્વનાં માલિક બનવા વાળા છીએ. તમે જાણો છો આપણે ભણીને આ બનીએ છીએ. તો ભણતર પર પૂરું ધ્યાન આપવાનું છે. બાપ ને બહુજ પ્રેમ થી યાદ કરવાનાં છે. બાબા આપણને વિશ્વનાં માલિક બનાવે છે તો કેમ નહીં યાદ કરીશું. પછી દૈવી ગુણ પણ જોઈએ.

બીજો - રાત્રિ ક્લાસ ૯ - ૪ - ૬૮

આજકાલ ખાસ કરીને આ જ કોન્ફરન્સ (સંમેલન) કરતા રહે છે કે વિશ્વમાં શાંતિ કેવી રીતે થાય! એમને બતાવવું જોઈએ જુઓ સતયુગમાં એક જ ધર્મ, એક જ રાજ્ય, અદ્વૈત ધર્મ હતો. બીજો કોઈ ધર્મ જ નથી જે તાળી વાગે. હતું જ રામરાજ્ય, ત્યારે જ વિશ્વમાં શાંતિ હતી. તમે ઈચ્છો તો વિશ્વમાં શાંતિ થાય. તે તો સતયુગ માં હતી. પછી અનેક ધર્મ થવાથી અશાંતિ થઈ છે. પરંતુ જ્યાં સુધી કોઈ સમજે ત્યાં સુધી માથું મારવું પડે છે. આગળ ચાલીને સમાચારપત્રો માં પણ પડશે, પછી આ સન્યાસીઓ વગેરેનાં પણ કાન ખુલશે. આ તો આપ બાળકોની ખાતરી છે કે અમારી રાજધાની સ્થાપન થઈ રહી છે. આ જ નશો છે. મ્યુઝિયમ નો ભભકો જોઈ ખૂબ આવશે. અંદર આવીને વંડર (આશ્ચર્ય) ખાશે. નવાં નવાં ચિત્રો પર નવી નવી સમજણ સાંભળશે.

આ તો બાળકોને ખબર છે - યોગ છે મુક્તિ જીવનમુક્તિ માટે તે તો મનુષ્ય માત્ર કોઈ શીખવાડી ન શકે. આ પણ લખવાનું છે કે સિવાય પરમપિતા પરમાત્મા નાં કોઈપણ મુક્તિ-જીવનમુક્તિ માટે યોગ શીખવાડી નથી શકતાં. સર્વ નાં સદ્દગતિ દાતા છે જ એક. આ સ્પષ્ટ લખી દેવું જોઈએ, જે ભલે મનુષ્ય વાંચે. સંન્યાસી લોકો શું શીખવાડતા હશે. યોગ-યોગ જે કરે છે, હકીકત માં યોગ કોઈપણ શીખવાડી નથી શકતાં. મહિમા છે જ એક ની. વિશ્વમાં શાંતિ સ્થાપન કરવી તથા મુક્તિ-જીવનમુક્તિ આપવી બાપનું જ કામ છે. એવું-એવું વિચાર સાગર મંથન કરી પોઈન્ટસ સમજાવવાનાં છે એવું લખવું જોઈએ જે મનુષ્યો ને વાત ઠીક જચી (ગમી) જાય. આ દુનિયાને તો બદલવાનું જ છે. આ છે મૃત્યુલોક. નવી દુનિયાને કહેવાય છે અમરલોક. અમરલોક માં મનુષ્ય કેવી રીતે અમર રહે છે, આ પણ વન્ડર છે ને. ત્યાં આયુષ્ય પણ લાંબુ રહે છે અને સમય પર પોતેજ શરીર બદલી દે છે જેવી રીતે કપડાં બદલાવાય છે. આ બધી સમજાવવાની વાતો છે. અચ્છા!

મીઠાં-મીઠાં રુહાની બાળકો ને રુહાની બાપ અને દાદાનાં યાદ-પ્યાર, ગુડનાઈટ અને નમસ્તે.

ધારણા માટે મુખ્ય સાર :-

1. સૃષ્ટિ ચક્રનાં જ્ઞાનથી સ્વયં પણ ત્રિકાળદર્શી અને સ્વદર્શન ચક્રધારી બનવાનું છે અને બીજાને પણ બનાવવાની સેવા કરવાની છે.
2. સંગમ પર શોક વાટિકા થી નીકળી સુખ શાંતિની વાટિકા માં જવા માટે પવિત્ર જરુર બનવાનું છે.

વરદાન :- જ્ઞાન ને રમણીકતા થી સિમરણ ( યાદ ) કરી આગળ વધવા વાળા સદા હર્ષિત , ખુશનસીબ ભવ

આ ફક્ત આત્મા પરમાત્માનું સૂકુ જ્ઞાન નથી. બહુજ રમણીક જ્ઞાન છે, ફક્ત રોજ પોતાનું નવું નવું ટાઈટલ યાદ રાખો-હું આત્મા તો છું પરંતુ કયો આત્મા છું, ક્યારેક આર્ટિસ્ટનો આત્મા છું, ક્યારેક બિઝનેસ મેન નો આત્મા છું....આમ રમણીકતા થી આગળ વધતા રહો. જેવી રીતે બાપ પણ રમણીક છે જુઓ ક્યારેક ધોબી બની જાય તો ક્યારેક વિશ્વનાં રચયિતા, ક્યારેક ઓબીડિયન્ટ સર્વન્ટ (આજ્ઞાકારી સેવક).... તો જેવાં બાપ તેવાં બાળકો.... એવી રીતે જ આ રમણીક જ્ઞાન ને યાદ કરી હર્ષિત રહો, ત્યારે કહેવાશે ખુશનસીબ.

સ્લોગન :- સાચ્ચા સેવાધારી એ છે જેમની દરેક નસ અર્થાત્ સંકલ્પ માં સેવા નાં ઉમંગ-ઉત્સાહ નું લોહી ભરેલું છે.